Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007


Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિ:ૐ

# હરિભાવ

Year : 24 - Issue : 09

August, 2020




હરિ:ૐ

પોતાના ભક્તનું કર્મ શૂરો આરોપવા તું શો!
શા ફેરફેરના દાવે મને તે અર્થે જકડતો!
જેમણે જેમણે જકડ્યાં પ્રતિષ્ઠા, કીર્તિ, લક્ષ્મી સૌ,
તેમને તેમને પાછે ધકેલું ભાવથી દિલ હું.

મોટા

તા: 30:9:72.



શ્રીકેશવાનંદજી

## સમર્પણાંજલિ

**જેણે જીવનદાન આપી મનને પાદામ્બુજે ભાવથી**
**શું આસક્ત કર્યું, કહું હું મહિમા કેવી રીતે વાણીથી ?**
**એ તો અંતર આપ એક સમજે પ્રેરાયેલું જે રહ્યું**
**તારામાં પ્રભુ ! તે પદે હૃદયથી આ અંજલિ હું ધરું.**

- મોટા

'કેશવચરણકમળે'

**‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**

સહાયક : **વિવેક દેસાઈ**

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**વર્ષ : ૨૪** **અંક : ૯** **ઑગસ્ટ, ૨૦૨૦**

## અનુક્રમ


૧. પૂજ્ય શ્રીમોટા દ્વારા સ્વજનોને અપાયેલ સ્મરણાંજલિઓ ........ સંપાદક ૪
૨. હરિઃૐ આશ્રમ, સુરત તરફથી સ્વજનોને જાણકારી ........ મૅનેજિંગ ટ્રસ્ટી ૫
૩. શ્રી હસમુખભાઈ ગોપાલદાસ મહેતા અને શ્રીમતી પ્રમીલાબહેન હસમુખભાઈ મહેતા ........ શ્રદ્ધા ૯
૪. ભાઈ દિલીપકુમાર હસમુખલાલ મહેતા ...... જીવનપગથી ૧૧
૫. વહાલા ઝીણાભાઈને ચરણે ........ કૃપા ૧૨
૬. શ્રી ચીમનભાઈ મહાજન ........ જીવનસ્પંદન ૧૪
૭. પ્રાધ્યાપક શ્રી રમેશભાઈ ભટ્ટ ........ જીવનપગદંડી ૧૫
૮. શ્રી વિષ્ણુપ્રસાદ એસ. પંડ્યા ........ પ્રેમ ૧૬
૯. શ્રી સીતારામ ઉર્ફે લક્ષ્મીપ્રસાદ ચંદુલાલ અમીન ....... જીવનપગરણ ૧૭
૧૦. શ્રી કાંતિલાલ માણેકલાલ કાંટાવાળા ........ જીવનગીતા ૧૮
૧૧. સદ્‌ગત શ્રીમતી નર્મદાબહેન કાંતિલાલ કાંટાવાળા ....... જીવનરંગત ૧૯
૧૨. શ્રી રમણભાઈ ભાઈલાલભાઈ અમીન તથા શ્રીમતી ધીરજબહેન રમણભાઈ અમીન ........ જિજ્ઞાસા ૨૦
૧૩. પ્રિયભાઈ શ્રી અનુપમ ભટ્ટ તથા ઈંદુકુમાર દેસાઈ ........ નિમિત્ત ૨૧
૧૪. શ્રી રેણુકાબહેન રાજેન્દ્રભાઈ પટેલ તથા શ્રી રાજેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ ........ મોહ ૨૨
૧૫. શ્રી સુરેશભાઈ સંત ........ જીવનકથની ૨૩
૧૬. શ્રી ઈંદ્રવદન શૅરદલાલ તથા શ્રીમતી જયશ્રીબહેન શૅરદલાલ ........ જીવનસૌરભ ૨૪
૧૭. ધીરુભાઈ રણછોડભાઈ મહેતા તથા શ્રીમતી મંજુલાબહેન ધીરુભાઈ મહેતા ........ જીવનઘડતર ૨૫
૧૮. શ્રી (નાના) અમૃતલાલ ગોવિંદભાઈ પટેલ ..... ગુણવિમર્શ ૨૬


**જાણ અર્થે...**

**‘હરિવાણી ટ્રસ્ટ’ના ટ્રસ્ટી મંડળમાં ટ્રસ્ટીપદે અને ‘હરિભાવ’ના સંપાદક તરીકે શ્રી પ્રભુદાસ જાની સને ૧૯૯૭ થી કાર્યરત રહેલ છે. હવે શારીરિક મર્યાદાઓના કારણે (ઉં.વ. ૮૮) સ્વેચ્છાએ ટ્રસ્ટી તરીકે જૂન, ૨૦૨૦થી નિવૃત્ત થયા છે. સંપાદક તરીકે સપ્ટેમ્બર, ૨૦૨૦ના ‘હરિભાવ’ના પ્રકાશન બાદ નિવૃત્ત થશે. જે વિદિત થાય.**

**ટ્રસ્ટીમંડળ, હરિવાણી ટ્રસ્ટ**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, ‘હરિભાવ’ ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૯૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
‘હરિવાણી ટ્રસ્ટ’, C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**‘હરિભાવ’ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## (૧) પૂજ્ય શ્રીમોટા દ્વારા સ્વજનોને અપાયેલ સ્મરણાંજલિઓ

સંપાદક

પૂજ્ય શ્રીમોટાએ ફાજલપુર મુકામે શ્રી રમણભાઈ અમીન સાહેબના ફાર્મ હાઉસ ઉપર જે સત્સંગ કરેલો તેની વિગતો પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થઈ છે. તે પૈકીના એક પુસ્તક 'અન્વય-સમન્વય'માં પૂજ્યશ્રીએ ઉલ્લેખ કર્યો છે કે 'હું ફરી જન્મવાનો પણ તેની વાર લાગશે...જે જે જીવોનો સમાગમ મારે જોઈએ તે બધા જીવો હું જન્મું ત્યારે હાજર હોવા જોઈએ. ત્યાં સુધી I shall have to wait (મારે રાહ જોવી પડશે).' ઉપરોક્ત વિગતનો ઉલ્લેખ 'હરિભાવ' જુલાઈ ૨૦૨૦ના ટાઇટલ પેજ ૩ ઉપર કરાયેલ છે.

પૂજ્ય શ્રીમોટાને રામનવમીના રોજ જે સાક્ષાત્કાર થયો તે સમયે તેઓશ્રીના શ્રીમુખે ઉચ્ચારાયું છે કે 'હું સર્વત્ર વિદ્યમાન છું'. ઉપરાંત, સદ્‌ગ્રંથ શ્રીસદ્‌ગુરુની રચના માટે સ્વજન શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય નિમિત્ત બન્યા હતા. તેઓશ્રીએ 'મોટા આખ્યાન'ની રચના કરી છે. જેની કેસેટો ઉપલબ્ધ છે. આ આખ્યાનમાં શ્રી પ્રતાપભાઈએ ગાયું છે કે 'હું સૌમાં, સૌ મારામાં'. આ વિગત પ્રમાણે, પૂજ્યશ્રી મોટાની ઉપસ્થિતિ અત્ર, તત્ર અને સર્વત્ર છે.

પૂજ્ય શ્રીમોટાને ફરી જન્મ લેવાના સમયે જે જે જીવોનો સમાગમ જોઈએ એવો જે ઉલ્લેખ છે તેમાં કયા કયા જીવો કે સ્વજનો હશે તેવા વિચારનું સહેજ સ્ફુરણ થતાં એમ લાગ્યું કે કમ સે કમ પૂજ્ય શ્રીમોટાએ તેમના વિરચિત ગ્રંથોમાં જે જે સ્વજનોને સ્મરણાંજલિઓ અર્પી છે તેઓ તો જરૂર હોઈ શકે. આ વિચારના અનુસંધાને જે જે સ્વજનોને પૂજ્ય શ્રીમોટાએ સ્મરણાંજલિઓ અર્પી છે તેની વિગતો 'હરિભાવ'ના ઑગસ્ટ, ૨૦૨૦ અને સપ્ટેમ્બર, ૨૦૨૦ના અંકોમાં પુનઃપ્રકાશિત કરવાનું વિચાર્યું છે. આવી સંખ્યા અંદાજે ૪૦ ઉપર થવા જાય છે. જેથી અડધી અંજલિઓ ઑગસ્ટ અને બાકીની સપ્ટેમ્બરના અંકમાં સમાવેશ કરવા પ્રયત્ન કરીશું.

પૂજ્ય શ્રીમોટાએ સૌપ્રથમ કુંભકોણમ્‌માં હરિઃૐ આશ્રમની સ્થાપના કરેલ છે. શ્રી લાલાજી ઉર્ફે શ્રી હસમુખભાઈ ગોપાલદાસ મહેતાને અનુક્રમમાં પ્રથમ ક્રમ અપાયો છે. તે પછી હસમુખભાઈના પુત્ર શ્રી દિલીપકુમાર ઉર્ફે હરિનો ક્રમ રખાયો છે. પૂજ્ય શ્રીમોટા સાથે હરિનો જે સંબંધ હતો તેનાથી સ્વજનો વાકેફ છે જ. તે પછી સુરત આશ્રમના શ્રી ઝીણાકાકાની અંજલિ લેવાઈ છે. આટલો ઉલ્લેખ ક્રમાંક અંગે કર્યો છે, તે પછી અન્ય સ્મરણાંજલિઓ લીધી છે આ ક્રમાંક આપવામાં કોઈ આગળ કે પાછળ છે તેવો વિચાર લેશમાત્ર નથી. હરિઃૐ.

❑

સાદર હરિઃૐ,

**(૧) પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહની જાળવણી તથા પ્રકાશન બાબત :**

પૂજ્ય શ્રીમોટાએ દેહત્યાગ પૂર્વે લખેલા અંતિમ પત્રોની મૂળ હસ્તપ્રતો શ્રી ઝીણાકાકા પાસે હતી જે તેઓશ્રીએ ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ પટેલને આપી હતી, તે મૂળ હસ્તપ્રતો શ્રી પ્રવીણભાઈ પટેલ તરફથી સુરત આશ્રમને આપવામાં આવી છે. 'હરિવાણી ટ્રસ્ટ' અમદાવાદ તરફથી હરિઃૐ આશ્રમ, સુરતને ૧૭ (સત્તર) ફાઈલો આપવામાં આવી. જેમાં વર્ષ ૧૯૪૫થી ૧૯૫૭ દરમ્યાનનો પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈ, શ્રી કાંતાબા, શ્રી ગોપાલદાસમામા સાથેનો પત્રવહેવાર, શ્રી નંદુભાઈએ શ્રી કાંતાબાને લખેલ પત્રો તથા શ્રી નંદુભાઈની અંગત નોંધોની મૂળ હસ્તપ્રતોના અંદાજે ૧૯૫૦ જેટલા પત્રો સુરત આશ્રમને આપવામાં આવ્યા હતા. ત્યારબાદ કુદરતી રીતે જ અન્ય સ્વજનો સર્વશ્રી નચિકેત ઈન્દુકુમાર દેસાઈ અમદાવાદ, શ્રી મહેન્દ્રસિંહ વનાથ પરિવાર નાની નરોલી, સેલવાસ, શ્રી ઠાકોરભાઈ વડાવિયા સુરત, શ્રી મધુભાઈ રેશમવાળા સુરત, શ્રી સૂર્યકાંત તમાકુવાળા નંદરબાર, ડૉ. શ્રી કાંતાબેન પટેલના સુપુત્ર શ્રી પરેશભાઈ પટેલ વિદ્યાનગર, તરફથી પૂજ્ય શ્રીમોટા સાથેના પત્રવહેવારની મૂળ હસ્તપ્રતો, અન્ય છૂટક પત્રો, નોંધ, પૂજ્યશ્રીની પદ્ય રચનાઓ, પોસ્ટકાર્ડ્ઝ આશ્રમને સમર્પણ કરવામાં આવ્યા. આ તમામ પત્રો, સાહિત્ય અપ્રકાશિત છે. આ ઉપરાંત, પૂજ્યશ્રીના અતિ નિકટના નિમિત્તનાં સ્વજનોના મૌનઅનુભવો, આત્મનિવેદન અને તેની ઉપર પૂજ્યશ્રીના પ્રતિભાવોની ટાંચણ નોંધ (જે પૂજ્યશ્રીના હસ્તાક્ષરમાં જ છે), તે પણ આશ્રમને મળ્યા છે. ટ્રસ્ટીમંડળે આ તમામ સાહિત્યને ઠરાવ સ્વરૂપે નોંધ કરીને જવાબદારી સ્વીકારી છે અને જે તે સ્વજનોને વિગતવાર આભારપત્ર પાઠવ્યા છે.

આ સમગ્ર સાહિત્ય - મૂળ હસ્તપ્રતોની જાળવણી-સંગ્રહની જવાબદારી સુરત આશ્રમે આનંદપૂર્વક સ્વીકારી છે. 'હરિવાણી ટ્રસ્ટ' અને સૌ સ્વજનો નિમિત્ત બન્યાં અને પૂજ્ય શ્રીમોટાના પત્રોના આધારે ભવિષ્યમાં નવાં પ્રકાશનો ઉપલબ્ધ થાય એવી ભૂમિકા રચાઈ. ટ્રસ્ટીમંડળને લાગે છે, જાણે નવો પો ફાટી રહ્યો છે, નવા સાહિત્યના પ્રકાશનનો સૂર્યોદય થઈ રહ્યો છે. ચોક્કસપણે આ સમગ્ર આયોજન પરમ કૃપાળુ શ્રીસદ્‌ગુરુનું જ છે.

'હરિવાણી ટ્રસ્ટ'ની ફાઈલોમાંથી પત્રોનું અધ્યયન કરી શ્રી નંદુભાઈની જીવનવિકાસગાથાનું વર્ણન કરતો ગ્રંથ **'જીવનસાર્થકતાની કેડીએ'** બે ભાગમાં તૈયાર થઈ રહ્યો છે અને ટૂંક સમયમાં ઉપલબ્ધ થશે.

આ તમામને યોગ્ય રીતે જાળવણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને તે મુજબ આયોજન કરવામાં આવ્યું છે. જે મુજબ હાલના ઑફિસ બિલ્ડિંગમાં પહેલા માળે પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહની જાળવણી અંગેની સુવિધા ઊભી કરવામાં આવી છે અને તેનું વ્યવસ્થાતંત્ર અલગથી ગોઠવવામાં આવ્યું છે. આ અંગે ઠરાવ સ્વરૂપે નિર્ણય કરવામાં આવ્યો છે જેનો સારાંશ આ મુજબ છે.

(૧) પૂજ્ય શ્રીમોટાની તમામ હસ્તપ્રતોની જાળવણીની જવાબદારી ટ્રસ્ટીમંડળ સ્વીકારે છે, જેના સંગ્રહ માટે આશ્રમ કાર્યાલયના પહેલા માળે અલગ સ્વતંત્ર વ્યવસ્થા બનાવવામાં આવી છે. પહેલા માળના ઓરડાને અલગથી સ્વતંત્ર કાર્યાલય તરીકે ઓપરેટ કરવામાં આવે છે તથા પૂજ્ય શ્રીમોટાની મૂળ હસ્તપ્રતો તથા અન્ય સાહિત્યનું સ્ટૉકપત્રક જાળવવામાં આવ્યું છે.

(૨) પહેલા માળના કાર્યાલયનું આવકજાવક પત્ર રજિસ્ટર સ્વતંત્ર રાખવામાં આવે છે તથા પત્રવહેવારના કાગળો, પત્રોની ફાઈલો પણ અલાયદી રાખવામાં આવે છે.

(૩) પહેલા માળના કાર્યાલયને ટ્રસ્ટીમંડળના કોઈપણ એક સભ્યની હાજરીમાં જ ખોલવાનો નિર્ણય થયેલ છે, ટ્રસ્ટીમંડળની સૂચનાથી પણ ઓરડો ખોલવાનો નથી. આવકજાવકના પત્રોનો રેકેર્ડ તથા પત્રવહેવાર ટ્રસ્ટીમંડળના સભ્યોની સહી થકી જ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

(૪) પહેલા માળના કાર્યાલયમાં તમામ રેકૉર્ડ્ઝ લૉક એન્ડ કી કબાટમાં રાખવામાં આવ્યા છે તથા કાર્યાલયને-ઓરડાને પણ લૉક મારવામાં આવ્યું છે. તે તમામ લૉકની ચાવીઓ આશ્રમના લૉકરમાં જાળવવાની છે, જેની મૂળ ચાવીઓની જાળવણીની જવાબદારી ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ પટેલ તથા એક્સ્ટ્રા ચાવીઓની જાળવણીની જવાબદારી ટ્રસ્ટીશ્રી ક્રિષ્ણકાંતભાઈ છત્રપતિને આપવામાં આવી છે.

(૫) પૂજ્ય શ્રીમોટાના તમામ પત્રોને કૉમ્પ્યૂટર સ્કેન કરી ડિજીટલ સ્વરૂપે જાળવણી કરવામાં આવી છે અને જરૂર પડ્યે ડિજીટલ સંગ્રહનો જ ઉપયોગ કરવો એવો નિર્ણય થયેલ છે.

(૬) મૂળ હસ્તપ્રતો જંતુમુક્ત રહે તે રીતે પૌરાણિક પદ્ધતિથી જાળવણી કરવામાં આવી છે. તે જ પદ્ધતિ ભવિષ્યમાં પણ જાળવી રાખવી.

(૭) સ્વજનો તરફથી મળેલ પૂજ્ય શ્રીમોટાની હસ્તપ્રતોના સંગ્રહની જવાબદારી ટ્રસ્ટીમંડળે વ્યક્તિગત જે તે પરિવારને ઉદ્દેશીને સ્વીકારી છે અને તેની ઠરાવ થકી પાકી પહોંચ આપી છે. હસ્તપ્રતોના સંગ્રહની તેમ જ ભવિષ્યમાં પ્રકાશનોની જવાબદારી ટ્રસ્ટીમંડળ સ્વીકારે છે.

**(૨) પૂજ્ય શ્રીમોટાની હસ્તપ્રતો આશ્રમને આપવા માટે જાહેર વિનંતી :**

ઉપરોક્ત રીતે જે સ્વજનો પાસે પૂજ્ય શ્રીમોટાની હસ્તપ્રતો હોય તેમને એ હસ્તપ્રતો

આશ્રમને આપવા માટે અમો જાહેર વિનંતી કરીએ છીએ. અમોને મળેલ હસ્તપ્રતોની સ્કેનકૉપી અને પ્રિન્ટ કાઢી ઠરાવ થકી પાકી પહોંચ સાથે સ્વજનને પરત આપવામાં આવશે. આ જ્ઞાનયજ્ઞમાં સહભાગી થવા અમો સૌ સ્વજનોને આવકારીએ છીએ. કાળ પાક્યો છે. આ નિમિત્તે પૂજ્ય શ્રીમોટાનું અપ્રગટ સાહિત્ય સમાજમાં પહોંચશે અને માર્ગદર્શક બનશે.

**(૩) પૂજ્ય શ્રીમોટાના સાહિત્યના પ્રસાર અંગે વટાવ બાબત :**

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના પ્રસાર અંગે હાલમાં જે તે જાહેર સંસ્થા/શાળા/લાઈબ્રેરીઓ પોતે ડાયરેક્ટ પુસ્તકોનો સેટ ખરીદે તો તેમને ૫૦% વટાવ આપવામાં આવે છે. આ અંગે સંસ્થાએ પોતાના લેટરપૅડ ઉપર પત્ર રજૂ કરવો ફરજિયાત છે. હાલમાં કેટલાંક સ્વજનોએ પોતે પુસ્તકોનો સેટ ખરીદીને લાઈબ્રેરી/શાળા/સંસ્થાઓને ભેટ આપવા માટે ૫૦% વટાવ મળે એવી રજૂઆત કરતાં ટ્રસ્ટીમંડળે આ મુજબ નિર્ણય કરેલ છે.

(૧) જે તે દાતા સ્વજને શાળા/સંસ્થા/લાઈબ્રેરી પાસેથી સ્વીકૃતિ પત્ર મેળવીને આશ્રમમાં રજૂ કરવો જેના આધારે સ્વજનોના નામથી વ્યક્તિગત બીલ બનાવીને ૫૦% વટાવ બિલમાં આપવામાં આવશે.

(૨) આ યોજના અન્વયે શાળા/સંસ્થા/લાઈબ્રેરી દીઠ એક બીલમાં ઓછામાં ઓછા રૂ.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા)નાં પુસ્તકો ખરીદવાનાં રહેશે. જે ૫૦% વટાવને પાત્ર રહેશે.

(૩) સ્વજન પૂજ્ય શ્રીમોટાનાં કોઈપણ પુસ્તકો પોતાની ભાવના મુજબ જરૂરી સંખ્યામાં ખરીદી શકશે. પુસ્તકો સેટમાં જ ખરીદી કરવી એવું બંધારણ નથી.

**(૪) આશ્રમના બૅંક એકાઉન્ટમાં ડાયરેક્ટ જમા થતાં દાન બાબત :**

ઘણાં સ્વજનો નિયમિતપણે આશ્રમના બૅંક એકાઉન્ટમાં દાનની રકમ ડાયરેક્ટ જમા કરાવે છે. મોટાભાગનાં સ્વજનો દાનની માહિતી આશ્રમને જણાવે છે અને રસીદ પણ મેળવી લે છે, પરંતુ કેટલાંક સ્વજનો દાનની જાણ આશ્રમને કરતાં નથી. અમો સમજીએ છીએ કે સ્વજનના મનમાં ગુપ્તદાનની ભાવના હોઈ શકે, પરંતુ આપ સૌને ભારપૂર્વક જણાવવાનું કે - ભારત સરકારના નિયમ મુજબ નામ, સરનામાં વિનાનું દાન ૩૦% ઇન્કમટેક્સને પાત્ર છે. આશ્રમે આવા ગુપ્તદાનની રકમ અલગથી જાહેર કરીને તેની ઉપર ૩૦% ઈન્કમટેક્સ ભરવો પડે છે. આ અંગે આ અગાઉ પણ બે વખત 'હરિભાવ'માં માહિતી આપવામાં આવી છે. હાલમાં આશ્રમના બૅંક એકાઉન્ટમાં આવી એક રકમ જમા થઈ છે જેની કોઈપણ માહિતી અમો પાસે નથી. અમોએ આ દાનની રસીદ બનાવી દીધી છે, પરંતુ નામસરનામું ભરવાનું બાકી છે.

| ક્રમ | જમા તારીખ | રકમ | બેંકનું નામ | બેંક એન્ટ્રી નં. | આશ્રમ રસીદ નં. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨-૪-૨૦૨૦ | ૧૦૦૦ | --- | MBK<br>009309297263093130 | ૧૦૬૮૨<br>તા. ૨-૪-૨૦ |

ઉપરોક્ત દાન જમા કરાવનાર સ્વજનને નમ્ર વિનંતી છે કે આશ્રમનો સંપર્ક કરી પોતાની માહિતી આપીને પાકી રસીદ મેળવી લેશોજી.

**(૫) આશ્રમના નવા મોબાઈલ નંબરની જાણ કરવા બાબત :**

હરિઃૐ આશ્રમ, સુરતના કાર્યાલયમાં સંપર્ક માટે હવે લેન્ડલાઈન ફોનની સાથે સાથે મોબાઈલ ફોન નંબરની સુવિધા ઉપલબ્ધ છે. જેનો ફોન નંબર **+૯૧ ૯૭૨૭૭ ૩૩૪૦૦** છે, જેની સૌ સ્વજનોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે. સ્વજનોના પત્રવહેવાર તથા મૌન ઓરડાઓના બુકિંગ માટે hariommota1@gmail.com ઈ-મેઈલનો વપરાશ આવકાર્ય છે.

**(૬) આશ્રમની વેબસાઈટ બાબત :**

USA સ્થિત શ્રી એન. સી. પટેલ પરિવારના સહયોગથી પૂજ્ય શ્રીમોટાનું સાહિત્ય, તેનો હિન્દી, અંગ્રેજી અનુવાદ, ઓડિયો બુકમાં રૂપાંતર, ફોટાઓ, નક્કી કરેલ પદ્ય રચનાઓનું સ્વરાંકન, તમામ પ્રકાશનો PDF સ્વરૂપે વગેરે તમામને ડિજીટલ સ્વરૂપે રૂપાંતર કરી આશ્રમની વેબસાઈટ જાળવી રાખવાનો નિર્ણય થયેલ છે. તે અન્વયે આશ્રમની વેબસાઈટ, અપગ્રેડ થઈ ગઈ છે અને હવે કાર્યરત છે. 'મૌનમંદિરમાં હરિસ્મરણ'નું ઓડિયો બુકમાં રૂપાંતર તા. ૫-૭-૨૦૨૦ને ગુરુપૂર્ણિમાના રોજ રજૂ થઈ ગયું છે. અન્ય ૧૦ જેટલાં પુસ્તકોનું ઓડિયો રૂપાંતર થશે. શ્રી ભાવિક પટેલના સ્વરમાં પદ્ય રચનાઓનું આલ્બમ (હરિ વહાલો....) પણ રજૂ થઈ ગયું છે. અંદાજે ૬ જેટલાં પુસ્તકોનો અંગ્રેજી અનુવાદ અને ૨૦ જેટલાં પુસ્તકોનો હિન્દી અનુવાદ થઈ રહ્યો છે. પૂજ્યશ્રીનાં તમામ પુસ્તકો (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી) ભાષામાં વેબસાઈટ ઉપર રજૂ કરવામાં આવશે. જેને ઓનલાઈન વાંચી શકાશે, ડાઉનલૉડ કરી શકાશે અને પ્રિન્ટ પણ કરી શકાશે. આ એક વિશાળ ફલક ધરાવતો અને સતત ચાલનારો પ્રોજેક્ટ છે. જેમ જેમ કામ કરતાં જઈએ છીએ તેમ તેમ શ્રીસદ્‌ગુરુ સહાય કરતા જ જાય છે, જે તે વિષયના નિષ્ણાતો મળતા જાય છે, વિષેશજ્ઞોની સહાય મળતી જાય છે. આ કામ પૂરું પાડવાનું અમારું કોઈ જ ગજું નથી. અમારી સાથે ઘણાં ઘણાં સ્વજનો જોડાયેલાં છે અને તેઓ ભગીરથ કાર્ય કરી રહ્યા છે. પૂજ્ય શ્રીમોટાએ આયોજન કરીને કુશળ કાર્યકર્તાઓની એક ટીમ બનાવી આપી છે, જેના વડે આ તમામ કાર્યો થઈ રહ્યાં છે. અમો સૌ સ્વજનોનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

તા. ૨૫-૬-૨૦૨૦ ❑

## સમર્પણ - ભાવાંજલિ

## (૩) શ્રી હસમુખભાઈ ગોપાલદાસ મહેતાને અને
## શ્રીમતી પ્રમીલાબહેન હસમુખભાઈ મહેતાને

(અનુષ્ટુપ)

કેટલું કેટલું આપ્યું મર્યાદા કૈં વિનાનું શું !
થયો ઉપકાર તે કેવો ઋણ વાળી ન હું શકું. ૧

કેવી સરળતા દીધી યોગ્ય સાધન અર્પીને !
સંઘર્યો છે મને કેવો ! સાચવી, સાચવી લીધો. ૨

હૃદે ઓછું ન આણ્યું છે મારા ચડભડાટથી,
નવાજ્યા શો કરેલો છે તમે મને શું ભાવથી ! ૩

આપવાનું કર્યા કીધું, પ્રત્યેક વર્ષ પ્રેમથી,
હડસેલી ભિખારીને મૂક્યો ના બારણા થકી. ૪

કરી શક્યો તમારું ના, હું તો કર્મ ખરેખરું,
છતાં શું કર્મ મારાં તે કર્યાં શાં રૂડી પેર શું ! ૫

મને નવાજીને કેવી પૂર્ણ સ્વતંત્રતા દીધી
-**हरि** ઉછેરવા કેવો સોંપ્યો તમે મને રીઝી ! ૬

સંસારે વર્તવામાંયે **हरि** સાથે પૂરેપૂરી,
તમે શી છૂટ બક્ષી છે ! તેને કેમ ભૂલું જરી ? ૭

મને સંતોષવા પૂરો બંનેયે બનતું કરી,
હૃદે હર્ષ પમાડ્યો, તે કૃપાપ્રસાદી ભાવની. ૮

કશું બાકી ન રાખ્યું છે, જે તે સર્વ કરી ચૂકો,
મારો સંતોષ તે માત્ર તમારું સુખ શું ગણો ! ૯

મુશ્કેલી કેટલી સેવો, કેટલુંયે જતું કરો,
ધારો ઉદારતા હૈયે મારે માટે હૃદે તમો. ૧૦

કેટલુંયે કરો મારું સૌ અવારનવાર તે,
આડુંઅવળું મારું તે ધ્યાન લીધું ન છે હૃદે. ૧૧

સંભાળો છો તમે કેવો આશ્રમ ભલી પેરયે,
કેટલોયે કર્યો ખર્ચો નાદાન, શું ગણાવું તે ! ૧૨

કશું ના ગણકાર્યું છે સૌ સગવડ આપવે,
મને નિરાંત, આરામ દેવા, શું શું કર્યું તમે ! ૧૩

**'શ્રદ્ધા'**ને લખવા માટે રાખ્યો મુક્ત તમે મને,
ને કચવાટ સૂહેજેયે દાખવ્યો છે ન તે તમે. ૧૪

તમારા આપવા તોલે મારાથી શું અપાય તે ?
તે આપી હું શકું એવી કશી શક્તિ ન જીવને. ૧૫

આપી આપી નજીવું **આ** ભાવાંજલિ શી દિલની !
**'શ્રદ્ધા'** સમર્પીને ભાવે થાઉં કૃતાર્થ દિલથી. ૧૬

હરિઃૐ આશ્રમ, કાવેરી ઓવારે, અમરેન્દ્રપુરમ્ અગ્રહારમ્, **-મોટા**
કુંભકોણમ્ (દક્ષિણ ભારત)
તા. ૧૪-૭-૧૯૭૧
શ્રદ્ધા, પ્ર.આ.

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | ઈન્દ્રવદન બી. લેખડીયા ચેરીટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧૫,૦૦૦/- |
| ૨. | નિરંજનભાઈ સી. ભટ્ટ : શ્રીમતી ગાયત્રીબહેન સાથેનાં લગ્ન થયાંને ૫૦ વર્ષ થયાં તે નિમિત્તે | અમદાવાદ | ૧૨,૦૦૦/- |
| ૩. | શશિકાંત સી. શાહ | અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૪. | જગદીશભાઈ સી. મારફતીયા | મુંબાઈ | ૧૦,૦૦૦/- |
| ૫. | મીનાબહેન લક્ષ્મેશભાઈ જોષી : સ્વ. લક્ષ્મેશભાઈ જોષીની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૬. | ફાલ્ગુની યોગેશ પટેલ : સ્વ. પિતાશ્રી પ્રભુદાસ પ્રાણભાઈ પટેલના સ્મરણાર્થે | સુરત | ૫,૦૦૦/- |
| ૭. | ઠાકોરલાલ મોહનલાલ વ્યાસ | નરોડા | ૫,૦૦૦/- |
| ૮. | શાંતિભાઈ એન. પટેલ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૯. | રમેશભાઈ સી. મહેતા | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૦. | જયશ્રી જ્યોતીન્દ્ર મહેતા : લંડન સ્થિત સુપુત્ર ચિ. રોનકના જન્મદિન (૨૭-૬) નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૧. | કે. સી. પિત્તળીયા : પ્રપૌત્ર ચિ. અહાનના જન્મદિન (૩૦-૬) નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૨. | ગુણવંતભાઈ ભુંગરીયા | અમદાવાદ | ૫૦૧/- |

**(અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)**

## (૪) ભાઈ દિલીપકુમાર હસમુખલાલ મહેતાને (કુંભકોણમ્) સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

એનામાં ભાવ પ્રેરાવા, પ્રેમ કેળવવા હૃદે,
જેને કેળવવા ભાવે લેવાયો શ્રમ જીવને ॥ ૧
ઉમળકાથી જે હેતે જેને માટ મથાયું છે,
સ્મરંતાં આજ તેને હું શો આર્દ્રભાવથી દ્રવું ! ॥ ૨
જેને જીવનમાં મસ્ત ઉછેર્યો રહીને ચહી,
આજ્ઞાધીનપણું જેનું સ્વીકારાયું'તું પ્રેમથી ॥ ૩
અધૂરું પાસું જે એક મારા જીવનનું હતું,
જીવી લેવા જ જ્ઞાનેથી આચરી તે બતાવ્યું'તું ॥ ૪
સમગ્ર ભાવ હૈયાનો પૂરો ઠાલવી ઠાલવી-
-જાગ્યો ઉછેરવામાં શો ! આનંદ ઓર દિલથી ॥ ૫
નિંદા મારી થતી જાણી જેને ના લીધી દિલમાં,
નિસ્પૃહતાથી તે બાજુ ઉપેક્ષા દાખી ભાવમાં ॥ ૬
મારા હૈયાતણો ભાવ તે કર્મના જ હાર્દમાં-
કોણ જાણી શકે એ તો, દર્શાવવું યોગ્ય ના ॥
મારો વ્હાલો અને હું બે જાણીએ માત્ર એકલા,
બીજાની પરવા ત્યારે રહેતી નો'તી દિલમાં ॥૭,૮
પ્રભુપ્રીત્યર્થે આવેલું તે કર્મ-યજ્ઞ ભાવથી-
કૃપાથી તે કરાવ્યું છે, एने સમર્પું આ સ્તવી ॥ ૯
જેનામાં આજયે મારું શું પ્રફુલ્લિત દિલ રહે,
આજયે વારી વારી હું જાઉં એના પરે હૃદે-
હૈયાનો ભાવ તેના તે સ્ફુરો જીવનમાં ઊંડો,
કર્મે કૌશલ્ય તેનામાં પ્રેરાજો ભાવથી તદા ॥૧૦,૧૧
ગુણ ને शक्ति ખીલે છે જીવને ભાવ જાગતાં,
તેવા ભાવતણી લક્ષ્મી કમાવાને ચહો હવાં ॥ ૧૨
મારા જીવનનાં પાસાંમાંનું જે પાસું एक આ
-તેને સમર્પું હું ભાવે जीवन पगथी હવાં ॥ ૧૩

'જીવનપગથી', પ્ર. આ. **-મોટા**

## (૫) વહાલા ઝીણાભાઈને ચરણે

(અનુષ્ટુપ)

આશ્રમની પહેલાંયે જેની પસંદગી થઈ,
કેવા કેવા તબક્કામાં તપશ્ચર્યા કર્યા કરી. ૧

નિર્મોહી પૂર્ણ નિર્લોભી, સદ્‌ભાવ ધારી જીવને,
જે જે મળે બધાંનેયે ચાહ્યા કરે ખરા દિલે. ૨

પ્રત્યેક કર્મને માટે શી તે તત્પરતા ધરે !
જેનું તેનું ચીંધ્યું કર્મ ઉત્સુક કરવા હૃદે. ૩

ભાગીને છૂટવા વૃત્તિ કશામાંથી ન એમને,
પૂરા ઉત્સાહી ખંતીલા મળેલાં કર્મને વિશે. ૪

ગમે ત્યારેય શા પોતે તૈયાર, સાબદા રહે,
નીરોગી, સાવ નિષ્ક્રોધી, કર્મની પટુતા દિલે. ૫

બધાંયે કર્મની કેવી શી આવડત એમને !
ના કશું કરવાની ના એમને મુખ નીકળે. ૬

આશ્રમ કાજ તો કષ્ટો કેવાં કેવાં સહ્યાં ચહી,
ફરિયાદતણો શબ્દ કાઢ્યો એક્કે ન મુખથી. ૭

જેના વિના કદી ચાલે નહિ આશ્રમ કો રીતે,
સાથે સાચવનારા શા બધાંનાય સ્વભાવને. ૮

જાત નીચોવી નાખી છે સમર્પણે જ ભાવથી,
જેને સમયની ટાંચ વર્તાતી જ કદી નથી. ૯

ગમે તે કામ છો સોંપો છતાં તત્પર શા સદા !
લેવા ઉપાડી પ્રેમેથી ને તે પાર ઉતારવા. ૧૦

સર્વને રાખવા રાજી પોતે શા વિજયી જ છે !
નિરભિમાની શા જેને, માનકેરી પડી ન છે ! ૧૧

સદાયે હસતા કેવા ! કર્મ વ્યાસંગમાં રમે,
નવરું બેસી રૂહેવાનું જેને કદીય ના ગમે. ૧૨
કશા વિશે ન ચિંતા છે, કશાની ચણચણાટી ના,
કોઈનુંયે નકારાત્મક પોતે બોલ્યા નથી કદા. ૧૩
'પ્રાણ આશ્રમના પોતે, છતાં પોતે ન કૈં જ છે,'
એ રીતે જીવતે વર્તે, પોતે નિઃસ્પૃહી સાવ છે. ૧૪
'મરતાંનેય કદી કૂહે ના મેર' એવા મનુષ્યને,
સંસારે વિરલા કોક ઝીણાભાઈ સમા મળે. ૧૫
પ્રતિષ્ઠા, કીર્તિની જેને સૂહેજે પડી નથી જગે,
સંબંધ આગવો પોતે બાંધવાનું ન તે ચહે. ૧૬
મહત્ત્વ આગવું ક્યાંયે પોતાનું દેખવા ન દે,
અન્યાય કેટલા કેવા પ્રેમે સહ્યા કરેલ છે. ૧૭
ખોટી રીતે થયા જેઓ ગુસ્સે તો એમના પરે,
તેવાની પર સદ્ભાવ, પ્રેમ તે નિત્ય ઠાલવે. ૧૮
વઢીને ધૂળ કાઢી છે ઝીણાભાઈની જેમણે,
સેવા એવાનીયે પોતે હર્ષે હર્ષે કરી જ છે. ૧૯
ભણ્યા ભલે ન છે પોતે, કિંતુ સાચું ભણેલ છે,
જીવન જે રીતે જીવે તે ભણતર, યોગ્ય છે. ૨૦
કળા, કુનેહ સૌ કર્મે, હોશિયારી બધી રીતે,
છતાં ચૂહેરા પરે એવું કળાયે છે ન કો' રીતે. ૨૧
કોઈને કૈં કહેવાની સ્પષ્ટ ચોખ્ખું ખરેખરું
-હિંમત તેમનામાં ના એવા છે સાવ શા ભીરુ ! ૨૨
વિનયશીલ, મર્યાદા ઓળંગે નવ કોઈની,
નમ્રતા એમના જેવી મળે ભાગ્યે જ કોકની. ૨૩
એવા મને મળ્યા પોતે સંભાળવા જ આશ્રમ,
એવાને ચરણે હર્ષે ધરું ભાવાંજલિ પદ. ૨૪

'કૃપા', પ્ર.આ. **-મોટા**

## (૬) શ્રી ચીમનભાઈ મહાજનને સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

કોઈ ઓળખતું ન્હોતું, ત્યારે ઓથ દઈ મને,
પોરો ચઢાવવા પોતે હતા તત્પર શા હ્દે ! ૧

કેટલાં પુસ્તકો મારાં પોતે છપાવી તે દીધાં,
આર્થિક સ્હાય આપીને ટેકવ્યો પરમાર્થમાં. ૨

પ્રેમ, સદ્ભાવ ને હૂંફ પ્રેરાવી જીવને મને,
હૈયે દઢાવવાને શી ટટારી, પ્રેરવ્યો તમે. ૩

સહાનુભૂતિયે ધારી તે પરમાર્થ કર્મપે
-ચેતનાત્મક જીવંતી, શો બિરદાવિયો મને ! ૪

જીવનની પરત્વેનું શું મૂલ્યાંકન આગવું !
શું સંઘર્ષણ તેથી તો સંસારે ઉગ્ર ચાલતું ! ૫

પુરુષાર્થ કરી ભારે મોટા નાનેથી તે થયા,
મૂડી શક્તિ નજીવીથી શું મબલક તો રળ્યા ! ૬

ધાર્યું તે પાડવા પાર નિશ્ચયશક્તિ કેળવી,
પ્રતિષ્ઠા, આબરૂ કેવાં મેળવ્યાં જીવને વળી ! ૭

સંસારમાં રહો તોયે અનોખી રીત આપની,
નોખા કેવા તરી આવો શા ટોળાંમાંથી આપશ્રી ! ૮

મને જે સ્હાય પ્રેરી છે સૌ પ્રથમે વધાવીને,
વિકાસે ભાવ તે પ્રેરો ઊંડે ઊંડે જ અંતરે. ૯

ચાહી વિકાસને પંથે વર્ષોથી આદરો તપ,
કૃપા એવી તમોને ને ઉરાડો પાર જીવન. ૧૦

નમાલો સાવ એવો હું અર્પી, અર્પી હું શું શકું ?
સમર્પણાંજલિ ભાવે, **'જીવનસ્પંદને'** ધરું. ૧૧

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૫-૧-૧૯૭૩
'જીવનસ્પંદન', પ્ર.આ.

## (૭) પ્રાધ્યાપક શ્રી રમેશભાઈ ભટ્ટ (મણિનગર-અમદાવાદ)ને સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

રમાના ઈશનો કેવો ભેટો થયેલ જીવને !
સોંપાયેલાં બધાં કર્મ પ્રેમથી સૌ કરેલ છે ૧
સંસારમાં તિતિક્ષા શી ! વ્યવહારે શી દક્ષતા !
છતાં નિપુણતામાં ના યોગ્ય છે પરિપક્વતા. ૨
'મૂર્ખામી બહુ ઊંચામાં', ઉક્તિ શી ખોટી પાડી તે !
કળા યુક્તિ પ્રયુક્તિની યોગ્ય પ્રકારની શી છે ! ૩
'કળા, કુનેહ, કૌશલ્ય વર્તન વ્યવહારમાં
-દીપી ઊઠે પૂરેપૂરાં', ગમે તે અમને સદા. ૪
જીવનમાં તરી આવે એવી સરળતા ખરી,
બોલવે ચાલવે યોગ્ય કેવી ચાતુરી આગવી ! ૫
વિનોદવૃત્તિનું કેવું પ્રાબલ્ય જીવને છતાં
-જ્યાં ત્યાં એનો ન દેખાડો તમે ના કરતા રહ્યા. ૬
જ્યાં હો દાખવવો યોગ્ય વિવેક શો ખરેખરો
-દાખવી યોગ્યતાથી, છે એવું દાક્ષિણ્ય સાબદું. ૭
બોલી નાખવું જે તે કૈં મોઢે આવેલ જે બધું,
તોછડાપણું એવું ના, ઠાવકાપણું ખાસ શું ! ૮
મને તો ખપના પૂરા, આપી આપી શું આપું હું ?
હૈયાના ભાવથી હું આ સમર્પણાંજલિ ધરું. ૯

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૨૪-૧-૧૯૭૪
'જીવનપગદંડી', પ્ર.આ.

## (૮) શ્રી વિષ્ણુપ્રસાદ એસ. પંડ્યા (સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ)ને સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

વિષ્ણુનું નામ ધાર્યું છે, પાળવા પોષવાતણો
-મંડાયો જે કૃપાયજ્ઞ પ્રેમે તે ચલવ્યા જજો. ૧

નિપુણ, કર્મમાં મસ્ત શા વ્યવહારદક્ષ છો !
મળેલાં કર્મમાં કેવા ઊંડા ઊતરતા તમો ! ૨

ઉત્તમોત્તમ તો કર્મ થવા તત્પર ખંતીલા,
શૂન્યમાંથી તમે કેવી ઇમારત ચણી મહા. ૩

દીપાવ્યું કર્મને જેણે વિશ્વે તેવા દીપી ઊઠ્યા,
કર્મથી જે ઘડાયા છે, જીવે તે માત્ર કર્મમાં. ૪

સુતરું, સુતરું સર્વ જીવન વહી ના જતું,
વચ્ચે પ્રવાહ રોકાતો, બને જીવન પાંગળું,
સફાળા ઊછળી ત્યાંથી પાછા શા પુરુષાર્થી છો !
થયા ખમીરવંતા શા ! ઊભા કેવા ટટાર છો ! ૫-૬

ભયંકર દશામાં શા આવી પડેલ જીવને !
ત્યાંયે હામ ન હાર્યા જે, ધન્ય તે નરને જગે ! ૭

તમે જીવનનાં ઉગ્ર તોફાનોમાં ભયંકર
-હાલી જતાં છતાં પાછા થયા ટટાર શા પથ ! ૮

પ્રોત્સાહિત કરી કેવી રૂડી સૂહાય દીધેલ છે –
બોથડ મુજ જેવાને તમે નવાજીને હ્રદે. ૯

બદલો વાળવા જેવું મારી કને કશું ન છે,
તેથી ભાવથી અર્પું આ સમર્પણાંજલિ પદે. ૧૦

હરિઃૐ આશ્રમ, નડિયાદ
તા. ૧-૫-૧૯૭૩
'પ્રેમ', પ્ર.આ.

**-મોટા**

## (૯) શ્રી સીતારામ ઉર્ફે લક્ષ્મીપ્રસાદ ચંદુલાલ અમીન (અમદાવાદ)ને સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

મળ્યા કેવા જ ઓચિંતા ન્યારા કોઈ નિમિત્તથી !
ચમત્કારતણી કેવી વાતો ત્યારે થઈ હતી ! ૧
તેવી ગૂઢ કશી શક્તિ મારી પાસે ન કોઈ છે,
હજારો હાથવાળાની શક્તિ શી વર્તમાન છે ! ૨
કેવો સંબંધ બંધાવ્યો પરસ્પરની સાથ તે
-કૃપા કરી હૃદે ઊંડો ચેતનાત્મક અંતરે ! ૩
એવા સંબંધથી હૈયાં ખેંચાયાં છે નજીક જે,
સેતુ શો આપણી વચ્ચે સંબંધ તે થયેલ છે. ૪
સંબંધ ખપ લાગ્યો તે શા પરમાર્થ કર્મમાં !
ઉપયોગી થવા કેવા સદા તત્પર સાથમાં ! ૫
ચમત્કાર કૃપાથી તે ભાળો પ્રત્યક્ષ શો તમે !
'હરિનો ભાવ તો જાગો' પ્રાર્થના એવી દિલ છે. ૬
તમે જે સ્હાય બક્ષી છે પ્રેમથી પરમાર્થમાં,
ભિખારી શકું આપી શું ? હોવા તત્પરતા છતાં. ૭
તમારામાં ટકી રહેવા આ સ્મરણાંજલિ હૃદે
-ધારી ધારી સમર્પું છું સમર્પણાંજલિ પદે. ૮

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૧૫-૧૨-૧૯૭૩
'જીવનપગરણ', પ્ર.આ.

॥ હરિઃૐ ॥

**ગયેલા આત્માને...**

હરિઃૐ આશ્રમ, નડિયાદ ખાતે સાડાત્રણ દસકાથી સેવાઓ આપનાર સ્વજન શ્રી રવીન્દ્રભાઈ કનૈયાલાલ પટેલનો તા. ૨૦-૭-૨૦૨૦ના રોજ ૬૩ વર્ષની વયે કોઈ પૂર્વ બિમારી વિના દેહાંત થયેલ છે. તેઓશ્રી દાન-ભેટની પાવતીઓ ઈસ્યુ કરતા હતા. તે ઉપરાંત પુસ્તકોના વેચાણનું કાર્ય પણ સંભાળતા હતા. સદ્‌ગતશ્રીના આત્માનું શ્રીહરિ સર્વ પ્રકારે કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.

**- સંપાદક**

## (૧૦) શ્રી કાંતિલાલ માણેકલાલ કાંટાવાળાનાં ચરણે અર્પણ...

(અનુષ્ટુપ)

હજારો હાથવાળો છે કેવો સમર્થ વિશ્વમાં ?
એવાં એનાં મને દીધાં દર્શન ગૂઢ હાથનાં.
અદૃશ્ય કારણે કોક એવા હાથતણો મને-
થયો જીવનમાં કેવો ભેટો અદ્ભુત રીતિયે !
એણે શો બાથમાં લીધો ને ભાવ, ઓથ, હૂંફ શાં !
મને નવાજીને મારાં કર્મ શાં બિરદાવિયાં !
કર્મને શા વફાદાર રહીને કાર્કિર્દી રળ્યા !
એક એક પછી મોટા ઓધ્ધા શોભવતા રહ્યા.
શા સરકારી કર્મેયે યોગ્યતા જેટલી થવી,
પ્રયત્નવંત ભારે ત્યાં કાળજીથી થયા ચહી.
તમે પરોપકારી શાં કર્મોયે કરતા રહ્યા,
ઉપયોગી થવા જ્યાં જ્યાં લાગ્યું જે યોગ્ય, ત્યાં થયા.
જીવને કર્મની નિષ્ઠા શી પ્રગટાવવા મથ્યા !
શો કેટકેટલો યત્ન-શ્રમ તે કાજ તો કર્યાં !
કેટલા કેટલા હાથ મળ્યા શા મુજ જીવને !
તે કેવા કામમાં આવ્યા ! એની કેવી લીલા-કળા !
એવા ઋણતણો હું શો વાળી તે બદલો શકું ?
પ્રેમભક્તિથી હું પાદે આ ભાવાંજલિને ધરું.

'જીવનગીતા', ત્રી.આ. **- મોટા**

**(અનુસંધાન પેજ નં. ૧૦ નું ચાલુ)** **દાન/ભેટ**

| ક્રમ સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|
| ૧૩. કનૈયાલાલ આર. પટેલ | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૪. દેવલ જાની | મુંબઈ | ૫૦૦/- |
| ૧૫. સદ્ગત માતુશ્રી કુસુમબહેન રણજિતલાલ ચપટવાલાની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે | સુરત | ૫૦૦/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**

## (૧૧) સદ્‌ગત શ્રીમતી નર્મદાબહેન કાંતિલાલ કાંટાવાળાને શ્રદ્ધાંજલિ

(અનુષ્ટુપ)

સદ્‌ભાગ્યે પૂર્વ સંસ્કારે **નર્મદા મા** મળી મને,
જેને સત્કારવા હૈયું તત્પર ભાવથી શું જે ! ૧

સ્ફુરાવવા અભિરુચિ હૈયે **હરિ**-પરત્વની,
સફળ કૈં થવાયું ના, ભાવિની ક્રૂર શી ગતિ ! ૨

સંસારે મોખરે સ્થાન મોભાનું શાં ધરાવતાં !
છતાં તેનું અભિમાન દિલમાં નવ રાખતાં. ૩

ગમે તે કરવા કામ જેને નાનમ ના હતી;
કરકસરથી કેવો સંસાર ચલવ્યો સહી ! ૪

સ્ત્રીસમાજની પ્રવૃત્તિ વિશે ભાગ લીધા કરી,
હળી, ભળી જતાં વાર જેને નહોતી લાગતી. ૫

બગડ્યાનો બળાપો શો એને દિલ થતો હતો !
ખોટા ખર્ચતણો એને અજંપો શો નર્યો થતો ! ૬

બને તેટલું પોતાથી ચાલ્યું સૌ જે કર્યા કરી,
ઘર ચલાવવા યોગ્ય સેવી તત્પરતા વળી. ૭

સિંધ જેવા પ્રદેશે જ્યાં ન્હોતી સોબત મુદ્દલે,
નર્યું એકલવાયું ત્યાં લાગતું હતું તે છતે
-ચીવટાઈથી ખંતે તે સાહચર્યની રીતથી,
સંભાળી સૌ લીધું ત્યારે યોગ્ય કુનેહ દાખવી. ૮-૯

કૈં છાવરવું ના જાણ્યું, સ્પષ્ટવક્તા ખરેખરાં,
ને અળખામણાં તેથી થતાં કેટલી વાર શાં ! ૧૦

છતાં નિભાવી લેવાની લાગણી ધારી ધારીને
-નભાવ્યાં કર્યું છે જેણે સંસારને દીપાવવા. ૧૧

છૂપા છૂપા ગુણો જેના કદી બ્હાર પડ્યા નથી,
કોઈએ તે ન જાણ્યા છે, ઘરકર્મે મહારથી. ૧૨

એવી તે **નર્મદા મા**ને હૈયાના ભાવથી કરી,
ભાવ નીતરતે અર્પું શ્રદ્ધાંજલિ સ્તવી સ્તવી. ૧૩

'જીવનરંગત', પ્ર.આ. **-મોટા**

## ભાવાંજલિ

## (૧૨) શ્રી રમણભાઈ ભાઈલાલભાઈ અમીન તથા શ્રીમતી ધીરજબહેન રમણભાઈ અમીનનાં ચરણે

(અનુષ્ટુપ)

કુનેહ, બુદ્ધિચાતુર્ય, કૌશલ્ય દાખવી પથે-
કેવો વિકાસ સાધ્યો છે શા વ્યવહારદક્ષ થૈ ! ૧
મળેલી લક્ષ્મી પ્રેમેથી વિકાસે પરમાર્થમાં
-વપરાજો થવા લાભ સૌ જરૂરાર્થીને સદા, ૨
જીવને આંટીઘૂંટી શી ગૂંચ મુશ્કેલી આવી છે !
ગભરાયા વિના કિંતુ માર્ગ કાઢ્યા કર્યો પથે. ૩
સમજદારી કેવી છે સૌ ક્ષેત્ર-જ્ઞાનની પરે !
પ્રસંગ-પકડે કાબૂ શો કામયાબ યુક્ત છે ! ૪
સંબંધ-ભાવ જેને છે સર્વથી શ્રેષ્ઠ જીવને
ટકાવી રાખવા ભાવ જીવને મોખરે હૃદે ૫
જતું જ કરવાની છે જેનામાં શક્તિ જીવને,
સર્વસ્વ નિજ હોમાવા તે શો ઉમળકો ધરે ! ૬
પ્રાપ્ત-પ્રશ્ન-સમાધાન કરી જંપે હૃદે સુખે,
ત્યાગ ઉદારતા પ્રેમ એ કાજે ગુણ યોગ્ય તે-
જેમાં તેમાં રહી શાંત, સ્વસ્થતા દિલ ધારીને,
મથ્યા ઉકેલવા જે તે આવેલાં સર્વ કર્મને. ૭-૮
વ્યવસ્થા કેવી પ્રેરાવી જેમાં તેમાં બધાં વિશે-
ચોપાસ દૃષ્ટિ ફેલાવી શા સાવધાન કર્મપે ! ૯
પ્રભુકૃપાથી શો સાથ આકસ્મિક મળ્યો મને !
કૈંક ફળાવવા હેતુ ગૂઢ જીવનનો ખરે. ૧૦
એવાનો બદલો વાળી શું શકું હું ગરીબ તે !
જિજ્ઞાસા અર્પીને પ્રેમે શાંત હું વિરમું પદે. ૧૧

તમારી ઓથ બક્ષીને કેવી પ્રેરાવી હૂંફ છે !
તે પ્રત્યક્ષ પ્રભુની તે કેવી કૃપાપ્રસાદી છે ! ૧૨

મને બંનેય પોતાનો ગણીને અપનાવજો,
પનારે પડ્યું છે તેને જેમ તેમ નિભાવજો. ૧૩

જેને જીવનસંગાથી *ધીરજના સમો મળે,
છો કોયડા ભલે એને ધૈર્યથી તે ઉકેલશે. ૧૪

'જિજ્ઞાસા', પ્ર.આ. **-મોટા**

---

## (૧૩) પ્રિય ભાઈશ્રી અનુપરામ ભટ્ટ તથા શ્રી ઈંદુકુમાર દેસાઈને સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

તમે શા ઉભયે થૈને પ્રેર્યો છે લખવા મને !
'નિમિત્ત'ને યથાયોગ્યપણે વિસ્તારથી ખરે.

તમે જે ભાવના ધારી આવીને આશ્રમે ચહી,
ઊલટ ભરી ઉત્સુકતા સાંભળવા શી દાખવી !

'નિમિત્ત' આવડ્યું તેવું કૃપાથી લલકાર્યું છે,
શાસ્ત્રસંમતિ તેમાં શી કશું પણ ન જાણ્યું છે.

શું પ્રોત્સાહન પ્રેરીને બધી સરળતા દઈ,
ને સગવડ આપીને પ્રેરણા પ્રેરી દિલ શી !

ને પ્રકાશન કાજેની દિલ તત્પરતા તમે,
પૂર્ણ આનંદથી કેવી દાખવી છે ખરી હૃદે.

ખોડખાંપણ કે દોષ કાઢ્યો 'નિમિત્ત'માં ન છે,
ઉપકાર તમારો તે વાળી શકાય શી રીતે ?

તમે પ્રેરાવીને ભાવે 'નિમિત્ત'ને લખાવ્યું છે,
ધરું 'નિમિત્ત'ની પ્રેમે સમર્પણાંજલિ પદે.

સુરત **-મોટા**
તા. ૮-૩-૧૯૭૨
'નિમિત્ત', પ્ર.આ.

## (૧૪) શ્રી રેણુકાબહેન રાજેન્દ્રભાઈ પટેલ
## તથા
## શ્રી રાજેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલને સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

રેણુકા રાજુ બંને શાં કૃપાથી મુજને મળ્યાં !
આમંત્રેલાં નથી, પોતે મેળે કેવાં પધારિયાં ! ૧

શાં એકાકાર સેવામાં, કશો સેવાની બાબતે
-સંકોચ તેમને ના છે, રાત્રીએ શાં ખડાં પગે ! ૨

શી અગવડ, મુશ્કેલી વેઠ્યાં કરેલ ભાવથી !
દર્શાવ્યો છે ન કંટાળો, એવા શા મુજ ભારથી ! ૩

બાળકો બેઉને મૂકી સુરત આશ્રમે ચહી
-મારી સેવાતણા અર્થે રેણુકા સાથમાં ચઢી ! ૪

કૃપાથી રાજુ-માતાએ સેવામાં સંમતિ દઈ
-ઉપકાર કરેલો છે કેવો મારા પરે ચહી ! ૫

અનિલાએ ખરે ટાણે સેવામાં સ્હાય કીધી છે,
જયંતીભાઈએ કેવો સહકાર દીધેલ છે ! ૬

ઉપકાર કરેલાનો બદલો શકું વાળી ના,
બદલો વાળવાની તો તાકાત મુજ પાસ ના. ૭

ખરેખરો હું આ સૌનો માનું આભાર દિલથી,
નીતર્યા ભાવથી હું તો અર્પું સમર્પણાંજલિ. ૮

તા.૫-૯-૧૯૭૩ **-મોટા**
હરિઃૐ આશ્રમ, સુરત-૫
'મોહ', પ્ર.આ.

## (૧૫) શ્રી સુરેશભાઈ સંત (અમદાવાદ)ને સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

કર્મસંજોગથી કેવા ભાગ્યવશાત્ તો મળ્યા !
કેળવી કેળવી ભાવ આકર્ષાયા ખરેખરા. ૧

જ્યાં જ્યાં ગયા તમે ત્યાં ત્યાં સ્હાય કેવી કરેલ છે !
હૈયાના ભાવને વ્યક્ત વાચા એવી દીધેલ છે. ૨

અભ્યાસી, ખંતીલા, શાંત ઉત્સાહી, દિલ ઉદ્યમી,
કર્મે કેવા વફાદાર ! મિત્રતામાં શૂરા વળી. ૩

શો સહકાર બક્ષ્યો છે તે પરમાર્થ કર્મમાં !
તેજસ્વી કર્મમાં, પાછી છતાં શી ધારી નમ્રતા ! ૪

ભાવમાં ભાવથી યુક્ત સંકળાવા ખરેખરું
-જીવન મૂળગું, કેવા પોતે પ્રયત્નવંત શું ! ૫

જેને જીવનમાં કૈંક આદર્શ છે ખરેખરો,
ઘડાવા તે પ્રમાણેનું આચર્યાં તે કરાય સૌ. ૬

ઘસાવાનો શું માંડ્યો છે જીવનયજ્ઞ જેમણે !
સ્વધર્મ નિજનો પૂરો પાળવા કટીબદ્ધ છે. ૭

બીજાને માટ શી ચિંતા સેવેલી છે શી જેમણે !
તે ભડવીર એવાનો માગું છું 'પ્રેમ, ભાવ'ને. ૮

હૈયાના ભાવથી એવા સ્વજનને સ્તવી હ્રદે,
ચહી કલ્યાણ, અર્પું આ સમર્પણાંજલિ પદે. ૯

'જીવનકથની', પ્ર. આ. **-મોટા**

## (૧૬) શ્રી ઇન્દ્રવદન શૅરદલાલ તથા શ્રીમતી જયશ્રીબહેન શૅરદલાલને સપ્રેમ ભાવાંજલિ

(અનુષ્ટુપ)

સંકલ્પ કૈં કૃપાથી જે જે આ જીવનમાં થયા,
તેના મૂળથી સાક્ષી તો પ્રત્યક્ષ શા ખરા રહ્યા ! ૧
મૂળથી જે થયેલા છે સંકલ્પ પરમાર્થના,
ફળાયા કેમ સંપૂર્ણ, તેનાય સાક્ષી છો સદા. ૨
મોટાના કર્મને માટે ઉત્સાહ, ખંત, ઉદ્યમ,
એકધારો બતાવ્યા શો કરેલો થઈ ઉદ્યત ! ૩
પોતાનું બધું જે તેયે પૂરું વેગળું મૂકીને,
કર્તવ્યમાં જ 'મોટા'ના પૂરું લક્ષ પરોવી દે. ૪
કેવી સરળતા, પાછી સૌ સગવડ સાચવે !
ખડે પગે જ તૈયાર, સેવામાં નિત્ય તત્પરે. ૫
સેવાને આપવામાં તો જેનું હેત અપાર છે,
સેવામાં 'જયશ્રી'ને શી ભાવથી વળગાડી છે ! ૬
'જયશ્રી'નો મને કેવો સહકાર મળ્યા કર્યો,
શરીર રોગીલાની શી સેવા આપી નિવાજિયો ! ૭
ઉભયતણી સેવામાં છે આશીર્વાદ બાતણા,
કર્મ ફળાવવા ભારે શ્રમ કેવો કર્યો લીધાં ! ૮
આડુંતેડુંય મારું સૌ જેણે નભાવી લીધું છે,
સદા તત્પરતા સેવા કાજે દાખવી કેવી છે ! ૯
જે કાળે જોઈએ ત્યારે પોતે તત્પર હાજર,
સધાવા કર્મ 'મોટા'નું જોયાં ના રાતદિવસ. ૧૦
'મોટા'ને જોઈતું જે હો લાવી દેવા જ હર્ષ છે,
પૂરું પાડ્યા વિના હૈયે એને જંપ વળે ન છે. ૧૧

જીવને સથવારો શો એનો કૃપાથી તો મળ્યો ?
ને ખપ લાગવાને તો એને દિલ ઉમંગ શો ! ૧૨
એ બંનેને શું અર્પી હું શકું, પાસ કશું ન છે,
હૈયાકેરા નર્યા ભાવે ધરું ભાવાંજલિ પદે. ૧૩

હરિઃૐ આશ્રમ, **-મોટા**
નડિયાદ, તા. ૨-૯-૧૯૭૨
'જીવનસૌરભ', પ્ર.આ.

---

## (૧૭) શ્રી ધીરુભાઈ રણછોડજી મહેતા તથા શ્રીમતી મંજુલાબહેન ધીરુભાઈ મહેતાને સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

સંબંધ કેટલો ગાઢો હતો, તોય ન જાણતો,
ઓચિંતો એક વેળાએ આશ્રમે ખાસ જાણિયો. ૧
મંજુલા મિત્રની પુત્રી તેને ઓળખી ના શક્યો,
શો અડબોથ એવો ને ભોટ પાછો ખરેખરો ! ૨
કેવો પછીથી જામ્યો છે સંબંધ પ્રેમભાવથી !
મળ્યાથી એકબીજાંને જાગે શો ભાવ દિલથી ! ૩
જીવનની ખરી મૂડી ભાવ માત્ર ખરેખરો,
ખપમાં ભાવ ના આવે નકામો ભાવ સાવ તો. ૪
તમારા જીવને ભાવ કૃપાથી ભજવાય છે,
તે તો અંતરમાં જાણો, મિથ્યા તે કથવો જ છે. ૫
તમારા પ્રેમના ભાવતણો તે બદલો કશો
-વાળી શકાય એવું કૈં મારી પાસે નથી કશું. ૬
ભિખારી સાવ જ્યાંત્યાંથી માગ્યા કરું હું, શી રીતે
-આપું શું ? ધરું હું ભાવે સમર્પણાંજલિ પદે. ૭


હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૩૦-૮-૧૯૭૪
'જીવનઘડતર', પ્ર.આ.

## (૧૮) શ્રી (નાના) અમૃતલાલ ગોવિંદભાઈ પટેલ (નરોડા)ને સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

શિશુકાળથી સદ્‌ભાગ્યે મળ્યા કૃપાથી મુજને,
કેવી સલાહ લેતા'તા! ને તેમ વર્તતા તમે. ૧
છેક નાનકડો ધંધો જેનો હિસાબ કૈં જ ના,
ત્યારથી કેવી કેવી તે રીતે આગળ તો વધ્યા. ૨
હરિ પરે ધરી શ્રદ્ધા, ઉદ્યમ, ખંત, ધીરજે,
ધરી અપાર ઉત્સાહ વ્યાપારે એકનિષ્ઠ થૈ;
આશીર્વાદ થકી કેવા આધારથી કૃપા પરે,
એકધારા તમે મંડ્યા રહી, ફાવ્યા કર્યા તમે. ૩-૪
ગણતરી પૂરેપૂરી ચોક્સાઈ મૂલ્ય અર્થની
-કસી પ્રત્યેકની, કેવો પાડ્યો અભ્યાસ દિલથી! ૫
મનની સમતુલા જ્યાં જ્યારે તૂટેલ પૂર્ણ છે,
ત્યારે 'કોઈક'ની સ્હાયે કેવા સ્મર્યા હરિ હ્દે ! ૬
ઊગર્યા ને બચેલા છો શક્તિ કોઈકની વડે,
ને હજી નામ જે લો છો, તેનો લાભ અપાર છે. ૭
આત્મવિશ્વાસ સંપૂર્ણ ધરીને હરિની પરે,
ઝુકાવતા સદા ર્‌હેજો હૈયે હિંમત ધારીને. ૮
શી પરમાર્થમાં સ્‌હાય તમે કરેલ જે મને !
બદલો શકું ના વાળી તેનો કશોય તો જગે. ૯
આપી, આપી, હું આપી શું શકું ? સાવ ગરીબ છું,
સમર્પણાંજલિ અર્પું ભાવથી સ્તવીને ઊંડું. ૧૦

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૨૩-૧૨-૧૯૭૩
'ગુણવિમર્શ', પ્ર.આ.




(વસંતતિલકા)

**જેણે મને જીવનમાં શીખવ્યો જ પ્રેમ,**
**તે ઋણ પ્રેમીજનનું શકું વાળી કેમ ?**
**શું પ્રેમનો વળી શકે બદલો કશાથી ?**
**તે પ્રેમ તો જીવનની મુજ આદ્ય શક્તિ.**

• • • • •


**જો પ્રેમનો જગતમાં બદલો કશો હો,**
**તે હો પૂરા જીવનના જ રૂપાંતરે તો.**

**- મોટા**

'તુજ ચરણે'

**HARIBHAV, AUGUST, 2020**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



હરિઃ ૐ

આકાશે પ્રસરેલ છે અનંત જે અનંતતા
તેના પ્રત્યક્ષ છે ગુરુ શ્રીહરિની અનંતતા.
સૂર્યને ઓળખાવે છે ઉષ્મા, પ્રમાણ, તેજ તે
તેનું અનુભવાય છે સાંખ્યાય હરિની જે.
મહાશિવરાત્રી : ૩ : ૩ : '૯૩ . ૧ મોચ

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com